# શાંતિદૂત કબૂતર

– હરીશ નાયક

## કબૂતર શાંતિદૂત કેવી રીતે બન્યું ?

વિશ્વશાંતિનું પ્રતીક એટલે કબૂતર.

કબૂતર એટલે વિશ્વશાંતિનું દૂત.

શાંતિ અને કબૂતરનું આ જોડાણ કેવી રીતે થયું, તેની કથા જાણવી છે ?

લડાઈ તો હંમેશાં ચાલ્યા જ કરતી હોય છે. દેવ–દાનવોના સમયથી, મહાભારત–રામાયણના કાળથી, અરે પરાપૂર્વથી ચાલી આવી છે લડાઈ. માનવીને જાણે કે લડાઈ સિવાય બીજું કંઈ સૂઝ્યું જ નથી !

એવી જ એક લડાઈ.

સમજો કે ભારત–પાકિસ્તાન, સમજો કે ચીન–જાપાન, સમજો કે જર્મની–બ્રિટન.

પાડોશી રાજ્યો સંપીને રહે તો કેવું સારું ! પણ પાડોશીઓ હંમેશાં લડાઈ–શૂરા જ રહ્યા છે.

લડાઈમાં મરે કોણ, તો કહે કે સૈનિકો.

લડાઈમાં બરબાદ કોણ થાય ? – પ્રજાજનો, ખેડૂતો, બાળકો, મહિલાઓ, અપંગો, વૃદ્ધો.

એવો જ એક પાડોશી રાજા પુરુ પર ચઢી આવ્યો. પુરુ જરા ગાફેલ હશે ભારતની જેમ. શત્રુસૈન્ય ઠેઠ બારણે આવી લાગ્યું ત્યારે રાજા પુરુ જાગ્યો. ઝડપથી શસ્ત્રો, બખ્તર, ઢાલ, ઝાલર બધું શોધવા લાગ્યો. તીર મળ્યું અને તલવાર મળી, ભાલો મળ્યો અને બરછી મળી, જાડાં અભેદ વસ્ત્રો મળ્યાં અને પગ સમાય એવાં પગરખાં મળ્યાં.

ખુદ માતા શોધી શોધીને પુત્ર પુરુને બધું આપતી હતી.

પરાક્રમી પુરુ ઝડપથી તૈયાર થતો હતો. તૈયાર થઈ જ ગયો. પછી એકાએક પૂછ્યું, ‘મા ! ટોપ ક્યાં છે, મારો ટોપ ?’

હા, લોખંડી ટોપ વગર કંઈ યુદ્ધમાં જવાય ? ટોપ વગર તો આજકાલ વાહન પણ ચલાવાતું નથી, પછી લડાઈમાં કંઈ ચાલે ?

મા કહે : ‘બેટા પુરુ, મને ટોપ નથી જડતો.’

‘શું વાત કરે છે, મા !’ પુરુએ પૂછ્યું, ‘જડતો નથી કે આપવો નથી ?’

મા કહે : ‘બેટા, મારાથી એ ટોપ ઊંચકાતો જ નથી.’

‘ઊંચકાતો નથી ?’ પરાક્રમી પુત્ર બોલી ઊઠ્યો : ‘મા ! તું તે પુરુની મા છે કે પછી....?’

મા કહે, ‘મા છું. પુરુની તો ખરી જ પણ દુનિયાભરનાં બાળકોની, રાજ્યનાં તમામ નાનાં મોટાં ભૂલકાંઓની. એટલે જ હું ટોપ ઉપાડી શકતી નથી.’

દીકરો જાતે ગયો. ટોપ ઉઘાડો પડેલો હતો, એટલે કે ઉઘાડો ભાગ ઉપર.



ઝડપ કરીને પુરુ એ ટોપને ઉપાડવા ગયો તો માતા કહે, 'ઉપાડીશ નહિ એ ટોપ દીકરા, એમાં એક કુટુંબ વસેલું છે...'

'ટોપમાં કુટુંબ ?'

'હા. ભલું, ભોળું, નિર્દોષ, ખુશખુશાલ, આનંદી, સુખી.'

પુરુએ જોયું. રાજ્યના રક્ષક રાજા પુરુએ જોયું. વર્ષોથી એમ જ પડી રહેલા એ ટોપમાં માળો હતો. કબૂતરનો માળો. નાનકડાં ત્રણ બચ્ચાં 'ચેં–ચેં' કરતાં હતાં. તેમની માતા તેમને ખવડાવતી હતી.

દીકરોય અટવાઈ ગયો.

મા કહે, 'ખૂબ જ શાંતિપ્રિય છે એ કુટુંબ. કોઈને નડતું નથી, કનડતું નથી. કોઈ પર હુમલો કરતું નથી. આક્રમણ તો એને આવડતું જ નથી. સદા આનંદ અને મીઠી કિકિયારી એ જ એમની ખુશી. એને ઉવેખીને તું ટોપ મેળવશે ?'

'તો મા ! હું શું ટોપ વગર જાઉં ?'

'એમ જ કર.'

એમ જ થયું. રાજા પુરુ લડવા માટે પૂરેપૂરો સજ્જ થયો. માત્ર માથા પર ટોપ નહિ. લડાઈમાં પહોંચ્યો તો પ્રહારી શત્રુ હસવા લાગ્યો. તેને ખરેખર હસવું આવી ગયું. તેણે પૂછ્યું : 'અલ્યા પુરુ, શું તું ટોપ વગર લડશે ?'

'હા.'

'ટોપ વગર ? ખરેખર ?'

'હા.'

'કારણ....?'

રાજા પુરુએ પ્રહારી શત્રુને કારણ કહ્યું. વિગતે વાત કરી. માતાની લાગણી જણાવી. લડાઈની વચમાં ગીતા–જ્ઞાન જ શરૂ થઈ ગયું.

પ્રહારી રાજવી વગર લડાઈએ જ હારી ગયો. ટોપ વગરના લડવૈયાએ ટોપવાળા શત્રુને જીતી લીધો. ના, લડાઈથી નહિ, દ્વન્દ્વથી નહિ, મારામારી–કાપાકાપીથી નહિ–પ્રેમથી, સમજૂતીથી.

પ્રહારી કહે, 'દોસ્ત ! હું તારી પર પ્રહાર નહિ કરું. યુદ્ધમાં કદી ટોપ વગરના યોદ્ધા પર પ્રહાર થતો નથી. એ યુદ્ધના નિયમ બહારની વાત છે, શરમ છે. આ યુદ્ધ અહીં જ પૂરું થયું ! અને ચાલ, મને તારો એ ટોપ બતાવ, ટોપમાંનું કુટુંબ બતાવ !!'

જ્યારે પ્રહારીએ પુરુના પડી રહેલા ટોપમાં કિલ્લોલ કરતું કબૂતર–કુટુંબ નિહાળ્યું ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો, કહો કે ધન્ય થઈ ગયો.

એ કબૂતર–પરિવાર તો પોતાની કિલ્લોલ–કુંજમાં મસ્ત હતું. ન ડરે, ન જુએ, ન બીએ, ન ફફડે.

જાણે કહેતું ન હોય કે, 'એલા એ માનવીઓ, અંદરોઅંદર લડાઈ કરનારા માનવીઓ, લડીલડીને કપાઈ મરતાં ઓ અડધા, અધૂરા, અધીરા મૂરખ માનવીઓ ! જીવન કેટલું કીમતી છે, કુદરતના કેટકેટલા ઉપકારો પછી જીવન મળ્યું છે. તેને શું તમે તલવારને એક ઝાટકે ખતમ કરશો ? ઈશ્વરની મહેરને કાળા કહેરથી કંપાવી દેશો ? જીવનનો આનંદ જરા માણી તો જુઓ. નાનાં ભૂલકાંઓ સાથે, કુટુંબકબીલા સાથે જરા કિલ્લોલ તો કરી જુઓ ! કેવી મઝા છે એમાં, જુઓ તો ખરા ! કૂણાં કુમળાં ગીતો ગમે છે કે કર્કશ કલેશ ભરેલાં કલ્પાંત ? હાલા રે હાલા ગમે છે કે હાય હાય હાય ?'

પ્રહારી બીજી વખત હારી ગયો. પોતાનો ટોપ ઉતારીને પુરુના ટોપની પાસે ટોપ મૂકી દઈ તેણે કહ્યું, 'ઓ પંખીઓ ! આ ટોપમાં બીજો માળો બાંધજો. અમારા લડાઈના બધા જ ટોપમાં માળાઓ બાંધજો. આજથી તમે અમારા શાંતિદૂત બનો છો, અધિદૂત બનો છો, સમજદારીના દેવ બનો છો. અમારાં તમને પ્રણામ !'

પુરુ અને પ્રહારી ભેટી પડ્યા.

પ્રહારી અને પુરુ મિત્રો બની ગયા.

પાડોસી હતા જ, જીવનભરના કુટુંબીજનો બની ગયા.

બંને ટોપવિહીન યોદ્ધાઓ માતાને નમી રહ્યા. માતાના આશીર્વાદ મેળવી રહ્યા.

બસ, ત્યારથી કબૂતર શાંતિનું પ્રતીક બની રહ્યું. સમજશક્તિ અને સંધિ–સમાધાનનું પરમ મનોહર દૂત બની રહ્યું.

આ કથા પંડિત નહેરુએ સાંભળી હશે. તેમને કબૂતરો પ્રિય હતાં. ધોળાં સારાં મઝાનાં કબૂતરો ઉડાડીને તેમણે દુનિયા આખીને કહ્યું, 'વિશ્વશાંતિના આ દૂતને નિહાળો, એનો કલરવ સાંભળો, એનું સહકુટુંબનું જીવન નિહાળો ! આનંદ, પ્રગતિ, શાંતિ ! એ સિવાય બીજો કયો આનંદ છે દુનિયામાં ?'

**બસ, કબૂતર શાંતિનું દૂત બની રહ્યું,**

**વિશ્વશાંતિનું,**

**વિશ્વસંઘનું,**

**વિશ્વ આખાનું.**

■